सत्यमेव जयते

| | |
|---|---|
| દાવો રજુ તારીખ | ૦૮/૧૦/૨૦૨૫ |
| દાવો નોંધ્યા તારીખ | ૦૮/૧૦/૨૦૨૫ |
| દાવો ફેસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| અવધિ : ૦૦ વર્ષે ૦૫ માસ ૨૨ દિવસ | |

==========================================================

**વલ્લભીપુરના પ્રિન્સીપાલ સિવિલ જજની કોર્ટમાં, મુ.તા.વલ્લભીપુર.**

==========================================================

રે.દી.કે.નં.૬૪/૨૦૨૫
આંક–૨૭

**વાદી :** ગુજરાત ઉર્જા વિકાસ નીગમ તે
**પશ્ચીમ ગુજરાત વિધુત કંપની લી.**
**સબ ડિવિઝન ઓફીસ તેના નાયબ ઈજનેર લી.**
રૂરલ વલ્લભીપુર,સબ ડિવિઝન વલ્લભીપુર

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :** **રમેશભાઈ જાદવભાઈ ભડભીડીયા**
રહે. રતનપર(ગા) ગામ, તા.વલ્લભીપુર,
જી.ભાવનગર.

**બાબતઃ –** દાવો ૩૦૮,૮૧૩.૮૭/– પૈસા વસુલ લેવા માટે

..........................................................................................

વાદી તરફે : વિદવાન વકીલ શ્રી એમ.આર.જોષી
પ્રતિવાદી તરફે : એક તરફી

..........................................................................................

-- ઠરાવ --

૧. વાદીના દાવાની ટૂંકમાં હકિકત એવી છે કે, ગુજરાત ઈલેક્ટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓર્ગેનાઈઝેશન) એક્ટ–૨૦૦૩ અન્વયે કાયદેસર રચાયેલ પશ્ચીમ ગુજરાત વિજ કંપની લીમીટેડ છે અને તેના તાબા તળેનાં નિર્દિષ્ટ વિસ્તારમાં વિજળીનું વહન, વિતરણ તથા વિજ પુરવઠો પુરો પડવા સહિતનું વિજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે. વાદી કંપનીના તાબા તળેના નક્કી કરેલા વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ સર્કલ ઓફીસ, ડીવીઝન ઓફીસ, સબ ડીવીઝન ઓફીસ અને તેના જવાબદાર તથા જાણકાર સક્ષમ નાયબ ઈજનેર છે તેઓ સદરહું દાવાની સંપૂર્ણ હકિકતોથી માહિતગાર છે અને જેથી તેઓને વાદી કંપની વતી સદરહું દાવો કરવાનો હક્ક, અધિકાર હોય હાલનો દાવો લાવેલ છે.

૧.૧ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી પરંતુ વાદી કંપનીના ચેકીંગ દ્ધારા તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ ચેકીંગ હાથ ધરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનમાં પોલ ઉપર વાયરથી ડાયરેક્ટ જોડાણ કરી ૬૪૨ હોર્સ પાવર / કી.વો. નો ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરી બીનઅધિકૃત રીતે વીજ ચોરી કરતા હોવાનું માલુમ પડેલ જેથી નિયમ મુજબની કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને ગણતરી મુજબની ફોર્મ્યુલા મુજબ રૂપીયા ૬,૪૭૮.૪૬/–પૈસાનું બીલ મોકલવામાં આવેલ અને પ્રતિવાદીએ નાણા ભરપાઈ નહી કરી આપતા તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જના રૂ.૨,૩૩૫.૪૧/– પૈસા મળી કુલ રૂ.૮,૮૧૩.૮૭/– પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે. તે હકીકતે બાકી લેણી રકમ રૂ. ૮,૮૧૩.૮૭/– પૈસા વસુલ મેળવવા વાદીએ હાલનો દાવો કરેલ છે અને બાકી લેણી રકમ

પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતમાંથી વાદી વસુલ લઇ શકે તેવું હુકમનામું વાદીના લાભમાં કરી આપવા તેમજ દાવાનો તમામ ખર્ચ તથા દાવા તારીખથી વાદીની લેણી રકમ વસુલ થતાં સુધી ૧૮% લેખે અથવા રાષ્ટ્રીયકૃત બેંકના ધિરાણ દરે વ્યાજ અપાવવા અરજ કરેલ છે.

**૨.** સદરહું દાવો દાખલ થતાં પ્રતિવાદી વિરુદ્ધ સમન્સ કાઢવામાં આવેલ. પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસરની બજવણી થયેલ હોવા છતાં તેઓએ સદર કામે હાજર થઈ કોઈ વાંધા જવાબ રજુ કરવાનું પસંદ કરેલ નહી. જેથી સદરહું કામ પ્રતિવાદીની વિરુદ્ધમાં એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**૩.** ત્યારબાદ દાવાના ન્યાયિક નિર્ણય સારૂ આંક–૭ થી નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

૧. શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસે કુલ રકમ ૩૦૮,૮૧૩.૮૭/– પૈસા પુરા વસુલ લેવા હક્કદાર છે. ?

૨. શું વાદી સાબિત કરે છે કે, તેઓ લેણી રકમ વસુલ ન થાય ત્યાં સુધી દાવામાં માગ્યા મુજબનું વ્યાજ લેવા હક્કદાર છે ?

૩. શું વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

૪. શું હુકમ ? અને શું હુકમનામું ?

**૪.** ઉપરોક્ત મુદ્ધા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. મુદ્ધા નં.૧ હકારમાં

૨. મુદ્ધા નં.૨ અંશતઃ હકારમાં

૩. મુદ્ધા નં.૩ અંશતઃ હકારમાં

૪. મુદ્ધા નં.૪ આખરી હુકમ અને હુકમનામા મુજબ

**૫.** વાદી સંસ્થાએ તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**મૌખિક પુરાવો**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ પ્રતિકભાઈ જયેશભાઈ કુંવરાણીનું સરતપાસનું સોગંદનામું | ૦૮ |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફીઝીકલ સાઈટ વેરીફીકેશન રીપોર્ટ | ૧૦ |
| ૨. | પર્ફોમા નં.૧૨ | ૧૧ |
| ૩. | ડી.પી.સી. કેલ્ક્યુલેશન શીટ | ૧૨ |
| ૪. | સર્ટીફીકેટ | ૧૩ |
| ૫. | વાદીએ આપેલ લીગલ નોટીસ | ૧૪ |
| ૬. | રજીસ્ટર્ડ ટપાલની પાવતી | ૧૫ |
| ૭. | પ્રતિવાદી સામે થયેલ એફ.આઈ.આર | ૧૬ |
| ૮. | વિજચોરીની એફ.આઈ.આર નોંધવા બાબત | ૧૭ |
| ૯. | એનેક્ષર–સી | ૧૮ |
| ૧૦. | કન્ઝયુમર સપ્લીમેન્ટરી બીલ | ૧૯ |
| ૧૧. | કન્ઝયુમર સપ્લીમેન્ટરી બીલ અન્ડર સેકશન ૧૩૫ | ૨૦ |
| ૧૨. | રજીસ્ટર્ડ ટપાલની પાવતી | ૨૧ |
| ૧૩. | વિજ ચોરીના ગુના અંગેનું પુરવણી બીલ | ૨૨ |
| ૧૪. | તપાસણી અહેવાલ | ૨૩ |
| ૧૫. | સ્થળ રોજકામ | ૨૪ |
| ૧૬. | એનેક્ષર–૪ (કબ્જે લીધેલ વસ્તુની વિગત) | ૨૫ |

**૬.** ઉપરોક્ત પુરાવા બાદ વાદી તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માગતા ન હોવાની પુરસીસ રજુ રાખેલ છે અને વાદીના વિ.વ.શ્રીએ વાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ હોઈ માગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

૭. આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો, પુરતી તક આપવા છતાં રજુ કરેલ નથી.

૮. ઉપરોક્ત મુદ્દાઓ અંગેના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-:- કા ર ણો -:-**

**મુદ્દા નં. ૧ થી ૩,**

૯. ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પૂનરાવર્તન ટાળવા સારુ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

આ કામના વાદી તરફે વાદી કંપનીના નાયબ ઈજનેર શ્રી પ્રતિકભાઈ જયેશભાઈ કુંવરાણી નાઓએ અદાલત રુબરુ સીપીસી ઓર્ડર-૧૮, રુલ-૪ મુજબ પુરાવારુપી સોગંદનામું આંક-૮ થી રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, વાદી કંપનીના ચેકીંગ દ્વારા તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ ચેકીંગ કરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનમાં પોલ ઉપર વાયરથી ડાયરેક્ટ જોડાણ કરી બિનઅધિકૃત વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા નિયમ મુજબની કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને નિયમ મુજબ રૂ૦ ૬,૪૭૮.૪૬/-પૈસાનું બીલ મોકલવામાં આવેલ અને તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જના રૂ૦૨,૩૩૫.૪૧/- પૈસા મળી કુલ રૂ૦ ૮,૮૧૩.૮૭/- પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે. તે હકીકતે બાકી લેણી રકમ રૂ૦ ૮,૮૧૩.૮૭/- પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા નીકળતા હોવાનું જણાવેલ છે. પ્રતિવાદીને ધારાસર સમન્સ બજી ગયા બાદ તેઓ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી જેથી તેમની સામે એકતરફી કામ આગળ ચલાવવામાં આવેલ છે. આમ, પ્રતિવાદી પોતે કે તેમના પ્રતિનિધિ વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે

દાવાનો ઈન્કાર કરેલ નથી. આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો આંક–૧૦ થી ૨૫ સુધીના પુરાવામાં રજુ રાખેલ છે અને દાવા મુજબ દાદ માંગેલ છે. આમ, વાદીના સાહેદે વાદીના દાવાને સમર્થન આપેલ છે. આ સાહેદની જુબાનીને પ્રતિવાદીએ કોર્ટમાં હાજર રહી પડકારેલ નથી કે તેઓની કોઈ ઉલટ તપાસ કરેલ નથી. આથી વાદીની જુબાનીને નહી માનવાને કોઈ કારણ જણાતું નથી.

**૧૦.** આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ ધારાસર બજી જતા કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ આપેલ નથી કે જવાબ આપેલ ન હોય તેમની સામે દાવો એકતરફી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદીએ કોર્ટ સમક્ષ હાજર થઈ વાદીના દાવાને કે દસ્તાવેજોને પડકારેલ નથી તેમજ અદાલતમાં કેસ ચલાવતા સમયે પ્રતિવાદીનો પોકાર કરવા છતાં વાદીના સાહેદની ઉલટ તપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. જેથી વાદીની હકીકતો નહીં માનવા માટે કોઈ કારણ નથી. તે રીતે વાદી આ કામના પ્રતિવાદી પાસે દાવામાં માગ્યા મુજબની રકમ રૂ૦ ૮,૮૧૩.૮૭/– પૈસા લેણા થતા હોવાનું પુરવાર કરવામાં સફળ થતા હોવાનું જણાય છે તેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં અને મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવું છું.

**૧૧.** ઉપરોક્ત હકીકતો જોતા, વાદી પ્રતિવાદી પાસેથી કુલ રકમ રૂ૦૮,૮૧૩.૮૭/–મેળવવા હક્કદાર થાય છે. વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખથી તે વસુલ થતા સુધી ૧૮% ના વ્યાજની માંગણી કરેલી છે. પરંતુ પ્રવર્તમાન વ્યાજના દરો જોતા વાદીને દાવાની તારીખથી કુલ રકમ રૂ૦૮,૮૧૩.૮૭/– પૈસા પર વાર્ષિક ૬% (છ ટકા) લેખે સાદુ વ્યાજ સદર લેણી રકમ વસુલ થતા સુધી અપાવવું જોઈએ તેમ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આ સંજોગોમાં વાદી

પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષની રજુઆત ગ્રાહ્ય રાખી ન્યાયના હિતમાં મુદ્ધા નં.૧ નો હકારમાં અને મુદ્ધા નં.૨ અને ૩ નો જવાબ અંશતઃ  હકારમાં આપી, મુદ્ધા નં.૪ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## (( હુકમ ))

- વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની લેણી નીકળતી રકમ રૂ૮,૮૧૩.૮૭/- પૈસા (અંકે રુપીયા આઠ હજાર આઠસો તેર ને સીત્યાસી પૈસા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬% (છ ટકા) ના વ્યાજ સાથે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલ્કતથી વસુલ મેળવી શકે તેવું વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમનામું કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.
- વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો, જ્યારે પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ ૩૦મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ વલ્લભીપુર

તારીખઃ ૩૦/૦૩/૨૦૨૬

આકાર લલિતકુમાર ત્રિવેદી
પ્રિન્સીપાલ સિવિલ જજ,
વલ્લભીપુર
કોડ નં. જીજે૦૧૫૫૭

રાજેશ સી.પારેખ
પી.એ.

AAKAR L.TRIVEDI
Principal Civil Judge, Vallabhipur Dt.30/03/2026